# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૧ • તા.૩ ઓગસ્ટ થી ૯ ઓગસ્ટ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# અમદાવાદના શેઠ રાયચંદ ધરમશી ભવનને જ્ઞાતિજનો દ્વારા મળી રહેલો ઉત્તમ પ્રતિસાદ



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવનમાં આવતો સંઘર્ષ જુસ્સો વધારે છે

જીવન દરમ્યાન આવતો સંઘર્ષ એ આપણા કર્મની ભેટ છે, એવી રીતે સ્વીકાર કરવો જોઈએ. દરેક વ્યક્તિ અંતરથી ઈચ્છતી હોય છે કે પોતાની જીંદગી એકદમ આરામ દાયક અને ખુશીઓથી ભરપૂર હોય. જીવનની દરેક પળોમાં આપણને આનંદ, ઉમંગ અને ઉત્સાહ ભર્યો માહોલ અખૂટ મળતો રહે. મંઝિલ તરફ જતો માર્ગ સરળ, સપાટ અને મુસીબત વગરનો હોય. પણ આ ઈચ્છા, કામના જો ખરોખર સાચી પડતી હોય તો? પણ, જીવન આપણી ઈચ્છાઓ આકાંક્ષા અને સ્વપ્નાઓથી નથી ચાલતું. જીવનમાં બધું સરળતાથી મળે એ પણ શક્ય નથી. દરેકની જીંદગી અલગ અલગ છે. જવલ્લેજ કોઈ એવો ભાગ્યશાળી હશે જેને બધું સહજતાથી મળી જતું હશે. બહુધા જણ એવા હોય છે. જે સફળ થવા માટે આકરો સંઘર્ષનો સામનો કરતા હોય છે. નિષ્ફળતા અને પડકારોને પરાજિત કરી મંઝિલ પામનાર જ આખરે સિદ્ધિઓને પામનાર સિકંદર છે.

સરળતાથી કે આસાનીથી મળતી કોઈપણ જણસ કે સિદ્ધિની કદર હોતી નથી. શ્રમ અને સાધના પશ્ચાત મળેલી સફળતા જ શિર પર મુકુટની જેમ શોભે છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાં જેટલાં નબળાં છીએ તો એ મેળવવા માટે આપણને અતિમુશ્કેલી થવાની જ છે. સંઘર્ષો જ આપણને સાહસ માટે પ્રેરણા આપે છે. સંઘર્ણ જ આપણને ખરેખર આગળ ધપતાં રાખે છે. સંઘર્ષ વિના કોઈપણ વ્યક્તિનો વિકાસ ન થઈ શકે એ હકીકત છે. સંઘર્ષ ને જોઈ પાછી પાની કરે એ સાહસિક નથી. એ લડ્યા વગર પરાજીત સ્વીકારી લેનાર નબળો સિપાઈ છે. શરણાગતિ પામનાર સૈનિક છે. જે ક્યારે જંગમાં જીતી શક્તો નથી. આખરે તો પરાક્રમી જ પોતાની સફળતાના મારગને સરળ બનાવી શકે છે.

આપણું જીવન કેવા અને કેટલાં સંઘર્ષોથી પસાર થયું છે. તેને પાર કરવા કેવાં અને કેટ કેટલા કોઠા વીંધયા છે તે જ બીજાને માટે પ્રેરણા દાયક બની શકે છે. અન્ય માટે ઉદાહરણ રૂપ થઈ શકે છે. નાના બાળકને કોઈ સહજ રીતે કોઈ ચીજ હાથમાં પકડાવી દે એ રીતે સફળતા હાથવેંત મળતી રહેતો સંઘર્ષ શું છે. એનો પણ આપણને ક્યારે ખ્યાલ મળશે નહીં. બીજાઓના અનેક સંઘર્ષો ભરી જીવન ગાથામાં રસ ધરાવીએ છીએ પણ ખુદ પોતાની સંઘર્ષ ભરી દાસ્તાન સામે લડવાનું આપણે પસંદ કરતા નથી. વાસ્તવિક્તા સામે લડનાર જ આખરે પરિસ્થિતિ બદલી શકે છે.

નદી ક્યારે એવું નથી વિચારતી કે દરિયો કેટલો દૂર છે. એતો સાગરમાં સમાવવાની તત્પરતા તાલાવેલીમાં પોતાની સામેની અડચણોને પાર કરતી આગળ વધતી રહે છે અને આખરે પોતાની મંઝિલને પામે છે. સંઘર્ષો જ આપણા સપનાઓ માટેનો રસ્તો બનાવે છે. મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જ સંઘર્ષોને પાર કરવાનુ સાહસ આપણામાં પેદા કરે છે. માટે જ સંઘર્ષ આવે એ જરૂરી છે. એનાથી આપણામાં જોમ, જુસ્સો જાગે છે અને પથમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# તપ, ત્યાગ, સેવા ભક્તિના ઉપાસક સંતવર્ય

**તરૂવર, સરોવર, સંતજન, ચોથા બરસે મેહ**
**પરમાર્થ કે કારણ ચારોય ધર્યા દેહ**

તરૂવર એટલે વૃક્ષ, માનવોને શીતલ છાંય આપે છે. વૃક્ષને પથ્થર મારો તે છતાં વળતાં મીઠાં ફળ આપે છે. સરોવરના શીતલ અમૃતમય જળથી જીવ માત્રની તૃષા બુઝાય છે. જીવ પ્રાણી માટે આ પ્રદાન આશીર્વાદ રૂપ છે. એ પછી સંતજનનું જીવન પરોપકાર, પરમાર્થના કાર્યો માટે જ હોય છે. તે જ પ્રકારે મેહ એટલે કે મેઘવૃષ્ટિ-વરસાદથી પૃથ્વી પર નવસર્જનની પ્રક્રિયા થાય છે. હરિયાલીથી જીવનમાં આનંદ વ્યાપે છે. આ ચારેય તત્વો પરમાત્મા દ્વારા સર્જન થયેલાં વરદાન જેવા છે.

માનવના અવતાર ધારણ કરી કરૂણા, પ્રેમ, સત્ય, અહિંસા, ધર્મભાવ, દયાના ગુણો ધરાવનાર વ્યક્તિ-માનવ જીવ સંત બની સ્થાપાય છે. આવા અનેક સંતો, મહાપુરૂષો સત્વગુણોથી પરમાર્થ, પરોપકારના કાર્યો કરતાં જીવસૃષ્ટિના ઉદ્ધારક બને છે. પૃથ્વી પર જ્યારે જ્યારે ધર્મનો નાશ થશે, અધર્મનો વ્યાપ વધશે ત્યારે ત્યારે પરમાત્માનું પ્રાગટ્ય થશે. એવું વચન કૃષ્ણ ભગવાને આપ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં વિવિધ ધર્મોના સંત-મહાત્માઓ, આચાર્યો ભગવંતો તપ, ત્યાગ અને આચરણ, ઉપદેશ દ્વારા માનવજીવોમાં સદાચાર, સદ્‌ભાવ અને સ્નેહભાવ રહે એનો સંદેશો પ્રસાર કરાતો રહે છે. પોતે દેહને કષ્ટ આપી ભક્તજનોમાં શાંતિ, સુખ અને સદાચાર વ્યાપયા રહે એવો સતત પ્રયાસ તેમના દ્વારા થતો રહે છે. માનવ માત્ર જીવન વ્યવહાર દ્વારા સૌ પ્રત્યે સદાચાર, સ્નેહભાવ રાખે તે બોધ આપવામાં આવે છે. જેથી જીવનો મોક્ષ થાય, કલ્યાણ થાય.

સંતજનોના વિચારવાણી, બોધજનક થોડાક ક્વોટ વાંચીએ-માણીએ અને એ વિષે મંથન કરીએ.

- સવારે ઉઠીને એક વાત યાદ રાખો, રિર્ટન ટિકિટ તો કન્ફર્મ છે, એટલે મન ભરીને જીવો, મનમાં ભરીને નહીં.
- રેતીમાં પડેલી ખાંડ કીડી ઉપાડી શકે છે પણ હાથી નહીં. એટલા માટે નાના માણસને નાનો સમજી તેની અવગણના ન કરવી. ક્યારેક પામર માણસ પણ સમજી ન શકીએ એટલું મોટું કામ કરી જાય છે.
- કિંમત પાણીની નથી, તરસની છે. કિંમત મૃત્યુની નથી શ્વાસની છે. સંબંધ તો ઘણા છે જીવનમાં પરંતુ કિંમત સંબંધની નથી તેના પર મૂકવામાં આવેલ વિશ્વાસની છે.
- ખુશી માટે ઘણું બધું ભેગું કરવું પડે છે એવી આપણી સમજ છે. પણ હકીકતમાં તો ખુશી માટે ઘણું બધું જતું કરવું પડે છે.
- ત્રણ અમૂલ્ય સલાહ, વિચારો નહીં. શરૂઆત કરો, વચન ન આપો તેને સાબિત કરો અને બોલીને નહીં પણ કરીને બતાવો.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st July - 31st December 2024

STAMP FRANKING Now Available

With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

MORTGAGE LOAN

COMMERCIAL (CRE)LOAN

*8.49% (p.a.)

HOUSE REPAIR

PRE OWNED CAR LOAN

MACHINESE LOAN

COMFORT (CONSUMER DURABLE)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# અમદાવાદના શેઠ રાયચંદ ધરમશી ભવનના વ્યાખ્યાન હોલ માટે ધરખમ અનુદાન આપતા દાતા પરિવાર




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનના વ્યાખ્યાન હોલ માટે રૂા.૫૧ લાખનું ધરખમ અનુદાન ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ગોરખડી હાલે તાડદેવ મુંબઈના માતુશ્રી દેવકુવરબાઈ ડૉ મેઘજીભાઈ ધરમશી પરિવાર હસ્તે ડૉ.ઊવર્શીબેન મેઘજીભાઈ ધરમશી, પ્રિયવંદાબેન મેઘજીભાઈ ધરમશી, વિધાતાબેન મેઘજીભાઈ ધરમશી તથા તક્ષશિલાબેન મેઘજીભાઈ ધરમશીએ આપ્યું છે.

આ યોગદાન મેળવવા માટે મનીષભાઈ ભવાનજી લોડાયા ચાલીસગામનો આત્મીય સહયોગ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદને મળ્યો હતો.

આ અનુદાન બદલ દાતા પરિવારની તથા યોગદાન મેળવી આપવા માધ્યમ થનાર શુભેચ્છકની મહાજનએ અનુમોદના કરી આભાર વંદના કરી હતી.

# સમાજ સેવા પ્રત્યે સમર્પિત પ્રબોધ મુનવરને દિવ્ય ભાસ્કર દૈનિક દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે 'સાચી વાત બેધડક એવોર્ડ' એનાયત થયો




તા.૩૦ જુલાઈ મંગળવાર રોજ ભુજ ખાતે દિવ્ય ભાસ્કર દૈનિક દ્વારા 'સાચી વાત બેધડક એવોર્ડ' વાયબ્રન્ટ ગુજરાતની વિકાસ યાત્રાના મૃદુ અને મક્કમ નેતૃત્વ સંભાળતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે જાણીતા સમાજસેવક શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી અને માનવ જ્યોત કચ્છના પ્રમુખ કોઠારા હાલે ભુજના પ્રબોધ હિરાચંદ મુનવરને અર્પણ કરાયો. આમ પ્રબોધ મુનવરને એવોર્ડ પ્રદાન કરી ઘરખમ પ્રીન્ટ મિડીયા ગ્રુપ દ્વારા તેમના સેવાકાર્યોની યોગ્ય નોંધ લેવાઈ છે.

પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા બદલ પ્રબોધ મુનવરને અભિનંદન સાથે લખ લખ વધાઈ.






# પ્રબોધ મુનવરને દિવ્યભાસ્કર દ્વારા મુખ્યમંત્રીશ્રીનાં વરદ્ હસ્તે ‘‘સાચી વાત બેધડક’’ એવોર્ડ અર્પણ કરાયો

મુળ ગામ કોઠારા અને હાલે ભુજ તાલુકાના વર્ધમાનનગર-કચ્છ મધ્યે રહેતા પ્રબોધ હીરાચંદ મુનવરને ‘‘દિવ્ય ભાસ્કર’’ દૈનિક દ્વારા ગુજરાત રાજ્યનાં મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે ‘‘સાચી વાત બેધડક’’ એવોર્ડ અર્પણ કરાયો હતો. આ પ્રસંગે કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી દેવજીભાઇ વરચંદ, ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઇ પટેલ, ગાંધીધામ ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરી, ભચાઉ ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, અંજાર ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગા, માંડવી ધારાસભ્ય શ્રી અનિરૂદ્ધભાઇ દવે, અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, કચ્છ જીલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તેમજ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતો, નગરપાલિકા, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દિવ્ય ભાસ્કરનાં દેવેન્દ્ર ભટનાગર, નવીનભાઇ જોષી, કિર્તીભાઇ ખત્રી તથા અગ્રણીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.






‘‘સાચી વાત બેધડક’’ એવોર્ડ

# શ્રી પ્રબોધ મુનવરને અત્યાર સુધી મળેલ એવોર્ડોની વિગત

- 'કચ્છ ઉંમંગ' નો ૨૦૧૧ નો ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો.
- ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ ના વર્ષનો) પ્રબોધભાઇને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા હસ્તે અર્પણ થયેલો.
- 'કચ્છ શક્તિ' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨ માં ઉમદા સેવાઓ બદલ મળ્યો.
- વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ,, ૨૦૧૩માં મળ્યો.
- વર્ષ ૨૦૧૪ માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા.
- કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ''વાયબ્રન્ટ કચ્છ -૨૦૧૫,, નો એવોર્ડ, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ થયો.
- વર્ષ-૨૦૧૬ માં કચ્છ જિલ્લા કલેકટર શ્રી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ.
- વર્ષ -૨૦૧૬માં નેહરૂયુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઇ દેસાઇ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડઅર્પણ થયો.
- વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ગુજરાતના બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર રહ્યા છે.
- વર્ષ-૨૦૧૭ ઇન્ટરનેશનલહ્યુમનરાઇટ્સકાઉન્સિલમુંબઇદ્વારાડો.બાબાસાહેબઆંબેડકરનોબેલએવોર્ડ''બાના-૨૦૧૭,, અ પ ૅ ણ થયો
- વર્ષ -૨૦૧૭ ફરાદી મધ્યે ''ઝીલ,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૭ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ દ્વારા ''અહિંસા એવોર્ડ''
- વર્ષ-૨૦૧૮ સંભવ ગ્રુપ - ભુજ દ્વારા ''જૈન રત્ન'' એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ યુનિવર્સિટી ભુજ મધ્યે શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ગાંધીનગર મધ્યે ''ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ'' રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ભુજ મધ્યે રાજય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક એવોર્ડ
- વર્ષ-૨૦૨૦ માં વડોદરા ખાતે મહારાજા સલ્લાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા ''યુગાન્તર એવોર્ડ-૨૦૨૦,,
- વર્ષ-૨૦૨૧ માં ''અડીખમ ગુજરાત'' ગુજરાતની ન્યુઝ ચેનલ જી-૨૪ કલાક દ્વારા કચ્છ જીલ્લાને અડીખમ રાખનાર કોરોના વોરિયર્સનું સન્માન
- વર્ષ-૨૦૨૧ ''કોરોના યોદ્ધા'' તરીકેનું સન્માન રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે
- વર્ષ-૨૦૨૨ માં અમદાવાદ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૩ માં મુંબઇ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા પ્રાઇડ ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૩ માં અમદાવાદ મધ્યે ''ગ્રીનપ્રેન્યોર'' દ્વારા ચેન્જરમેકર ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૪માં કચ્છ જિલ્લા પત્રકાર હિતરક્ષક સંઘ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ સન્માન



# નવા ક્રિમીનલ કાયદાઓની છણાવટ કરતો ઈન્ટરવ્યુ એડવોકેટ જિજ્ઞેશ મોતા, એડવોકેટ જયશ્રી મોતાનો હૈદ્રાબાદ આકાશવાણી કેન્દ્ર પર રજૂ થયો




સને ૧૮૬૦માં બ્રિટિશરો દ્વારા ભારતમાં ફોજદારી કાયદાઓનો અમલ શરૂ કરાયો જે આજ સુધી યથાવત અમલમાં હતા. ગુલામીના પ્રતિક જેવા આ કાયદાઓની બદલીમાં નવા કાયદા કેન્દ્ર સરકાર દ્વારા નવા ફોજદારી કાયદાઓ તા.૧ જુલાઈથી અમલી થયા.

નવા કાયદાઓની તલસ્પર્શી છણાવટ કરવા પ્રસાર ભારતી વિભાગના આકાશવાણી કેન્દ્ર હૈદ્રાબાદ ઉપર તા.૧૧ જુલાઈના કચ્છ લાખાણીયા હૈદ્રાબાદના સિનિયર એડવોકેટ જિજ્ઞેશ નવીનચંદ્ર મોતા અને એડવોકેટ જયશ્રી જિજ્ઞેશ મોતાનો ઈન્ટરવ્યુ લેવાયો. આ કેડીઓ જ્ઞાતિ માટે ગૌરવ ક્ષણ અંકિત થઈ ગણાશે.

એડવોકેટ જિજ્ઞેશ મોતા અને એડવોકેટ જયશ્રી મોતા લાંબા સમયથી તેલંગણા રાજ્યની હાઈકોર્ટ અને અન્ય વિવિધ અદાલતોમાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ ઘણી નામાંકિત ફાયનાન્સિલ પ્રતિષ્ઠાનો, બેંક, કોર્પોરેટ કંપનીઓ, બિઝનેસ ફર્મને વ્યક્તિગત રીતે કાયદાકીય સલાહ સેવા આપે છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાંડુપ સંઘમાં તા.૨૦ નવેમ્બરના આત્માર્પણમ પંચાન્હિકા મહોત્સવનું આયોજન

કારતક વદ પાંચમ તા.૨૦ નવેમ્બર બુધવારથી તા.૨૪ નવેમ્બર રવિવાર કારતક વદ નોમ સુધી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ સંઘ આંગણે સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં આત્માર્પણમ પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરાયેલ છે.

મહાતપસ્વી પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની ૧૦૭મી ઓળી પૂર્ણાહૂતિના પારણાનો ભવ્ય પ્રસંગ અને બાયઠ-દીગ્રસના મુમુક્ષુ કુમારી હીરલ શૈલેશ પીરનું મહાભિનિષ્ક્રમણ પંથે મહાપ્રયાણ અવસરે વિરલા વૈરાગીને વંદન તથા ભાંડુપના મહારાજા શ્રી આદિનાથ દાદાના પરિવાર સાથે ઉત્થાપન સહ ચલ પ્રતિષ્ઠાની ધર્મ ભક્તિ આરાધના થશે.

પંચાન્હિકા મહોત્સવના દાતાશ્રીઓ આવકાર્ય. સંપર્ક કુમાર બાબુભાઈ દંડ-૯૯૨૦૯૩૫૪૧૪, ચેતન મેઘજી મોતા-૯૩૨૨૨૮૨૯૯૩, મનોજ દામજી લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦

# ચાલીસગામ સંઘમાં શ્રી નમીનાથ ભગવાન જન્મ કલ્યાણકની ઉજવણી





મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશના ચાલીસગામ નગરના શ્રી ક.દ.ઓ.જૈન દેરાસર ટ્રસ્ટ ખાતે ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ની શુભ નિશ્રામાં રવિવાર, તા.૨૮ જુલાઈના દિને શ્રી નમીનાથ ભગવાનના જન્મ કલ્યાણકની ધર્મભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકો આ અવસરમાં ઉપસ્થિત રહી લાભ લઈ ધન્ય ધન્ય થયાં હતા.



# કચ્છ માંડવી સંઘ આંગણે વિશ્વ મંગળ અભિષેકનું આયોજન સંપન્ન થયું





કચ્છના રમણીય બંદરીય શહેર માંડવી નગરના શ્રી માંડવી અચલગચ્છ જૈન સંઘના આંગણે રવિવાર, તા.૨૮ જુલાઈના રોજે સવારે ૯ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા ૭ની પાવન નિશ્રામાં શ્રી ગૌતમ ગુણ ગુલાબ ઉપાશ્રયમાં વિશ્વ મંગળ અભિષેકનું આયોજન કરાયેલ.

પાંચેય ગચ્છના ભાવિક ભાઈ બહેનો સંગીત તાલની સુરાવલી સાથે ભાવ ભક્તિમાં તરબોળ થયા હતા.

આ અનુષ્ઠાન અને સાધર્મિક ભક્તિના લાભાર્થી શામજી વિશનજી મોમાયા પરિવાર જખૌ હાલ વડોદરા હતા.

અભિષેક અનુષ્ઠાનમાં દાદાશ્રી આદિનાથ દાદાની પ્રતિમાજી જે મોટા આસંબિયાથી પધારેલ એ પ્રતિમાજી પર અભિષેક કરવામાં આવ્યા હતા. સાથો સાથ મેરૂ પર્વતની રચના કરી અને ૧૦ ઈન્દ્ર-ઈન્દ્રાયણી સહ પ્રભુજીની સ્તવના-અભિષેક કરવામાં આવેલ.

# યવતમાલ સંઘમાં પરમાત્માની રથયાત્રાની પધરામણી થઈ





ગુરૂવાર તા.૧ ઓગસ્ટની સલુણી સવારે પ.પૂ.આ.ભ.શ્રી અજીતશેખરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રા અને પ્રેરણામાં નીકળેલ પરમાત્માની રથયાત્રા યવતમાલ સંઘના કેશરીયા ભવન સ્થિત શ્રી સુમતિનાથ જૈન મંદિરના આંગણે પધારેલ હતી. ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી પ્રશીલરસાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં શ્રી સંઘના શ્રાવક શ્રાવિકાઓએ પરમાત્માની પ્રતિમાનું દ્વારોધ્ઘાટન કરી ભાવપૂર્વક સ્વાગત કરેલ.

બપોરે ૧૨.૪૫ કલાકે રથ વણી તરફ પ્રયાણ કરેલ. આ શુભ પ્રસંગે શ્રી સંઘ અધ્યક્ષ સુભાષ જૈન, વીરેન્દ્ર મુથા, અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી મનીષ શાહ-ધરમશી, કીર્તિકુમાર નાગડા, અમીબેન ધરમશી, ઉર્મિબેન ધરમશી, લતાબેન નાગડા, સંગીતા લોડાયા સમેત શ્રી સંઘના અનેક શ્રાવક શ્રાવિકાઓની પ્રમુખ હાજરી રહેલ હતી.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૩ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ વાર્ષિક દિવસ કાર્યક્રમ (વા રે ના જિંદગી-ગુજરાતી નાટક સહ) રાત્રે - કાલિદાસ, મુલુંડ) |
| તા. ૦૪ ઓગસ્ટ ૨૦૨૪ | કેડીઓ સીએ એસોસિયેશન વાર્ષિક દિવસ કાર્યક્રમ: વાર્તાલાપ - યુનિયન બજેટ, નવા સીએ, સીએસનું અભિવાદન વગેરે - બપોરે ૩.૦૦ ક. થી. કે.જે.સોમૈયા હોલ, વિદ્યાવિહાર, મુંબઈ |
| તા. ૮ થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા : ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી: શ્રી વરાડીયા વહુ-રાણી ગ્રુપ |
| તા. ૧૩/૧૪ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ગદગ તીર્થ-શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય-ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૦૨ ફેબ્રઆરી ૨૦૨૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ મુહૂર્ત |


।। દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ।।

।। વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ।।

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ) પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**

**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**

**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્ક: મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી-કચ્છ)**

# કોલ માઈન્સના પ્રભારી ડેપ્યુટી જનરલ મેનેજર કલ્પેશ જૈન દંડના નેતૃત્વમાં સતત ત્રીજા વર્ષે બીજા નંબરનું માઈન સેફટી એવોર્ડ ૨૦૨૪ પુરસ્કાર મેળવ્યું







વેસ્ટર્ન ઈન્ડિયા કોલ ફિલ્ડની TAWA II મધ્યપ્રદેશ ખાણોના પ્રભારી ડેપ્યુટી જનરલ મેનેજર મંજલ રેલડિયા-બેતુલના કલ્પેશ કાંતિલાલ જૈન દંડના કાબેલ નેતૃત્વમાં તેમની હસ્તકનો એકમ મધ્યમ સ્તરની ખાણમાં વાર્ષિક ૩/૫ લાખ ટન કોલસાનું ઉત્પાદન કરી રાષ્ટ્રીય સ્તરે સતત ત્રીજા વર્ષે એવોર્ડ નંબરે રહી બીજા નંબરનું માઈન સેફ્ટી ૨૦૨૪ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

એક નાના અકસ્માત થવાને કારણે જેમાં વર્કરને ઈજા થઈ હતી જેના કારણે પ્રથમ પુરસ્કારથી વંચિત રહી ગયા. કલ્પેશ જૈનના પિતા સ્વ.કાંતિલાલ કે.જૈન દંડ સેન્ટ્રલ એકસાઈઝ વિભાગના સુપ્રિડન્ટ તરીકે નિવૃત્ત અધિકારી હતા. આ કાબેલિયત ભર્યા કાર્ય ગૌરવને લીધે પુરસ્કાર સન્માન મેળવવા બદલ કલ્પેશ જૈનને અભિનંદન.

# તિરૂપુર સંઘમાં શંખેશ્વર ભાવ યાત્રાની ધર્મ આરાધના થઈ





તા.૨૮ જુલાઈ રવિવાર દિને તિરૂપુર સંઘમાં બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શંખેશ્વર ભાવા યાત્રાની ભવ્ય રીતે ધર્મ આરાધનાઓ કરાઈ. જેમાં ૩૦૦ ભાવિક ભાઈ બહેનો ભક્તિ ભાવ સંગે જોડાયા હતા અને ધન્ય લાભ લીધો હતો.

આજના પ્રસંગે સંઘ પૂજનનો લાભ અશોક ભંડારી પરિવારે લીધેલ હતો. રિષભજી તથા દિનેશજી સૂર સંગીતના તાલ સાથે ભક્તિની ભવ્ય રમઝટ જમાવેલ હતી. બડગરા સંઘમાંથી માન્યવર મહેમાનો પધારેલ હતા. આરતી, મંગલ દીવાનો લાભ માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવારે લીધેલ હતો. શ્રી સંઘમાં વીસ વિરહ જીન તપની આરાધના સારી રીતે ચાલુ છે.

# શ્રમણી ગણ મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા.ની દીક્ષા શતાબ્દી ત્રિાન્હિકા મહોત્સવ પ્રસંગનું આમંત્રણ

આજથી સો વર્ષ પહેલાં શાસનમાં સંયમ બાગમાં અવતરી ગુરૂ સમર્પણ ભાવની વેદિકા રચી દાદા સાહેબના હાથે રજોહરણ ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી કપૂરશ્રીજી મ.સા.ના ચરણે જીવન સોંપ્યું હતું. ગુરૂકુળ વાસને દિપાવ્યું શુભ આચારને શુભ વિચારોનો સંગમ કરી દીક્ષા દિવસ રૂપ પર્વને અહોભાવનાનું પર્વ બનાવ્યું એવા મુઠી ઊંચેરા શ્રમણી ગણ મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા.ના જન્મ શતાબ્દિ વર્ષેના મહોત્સવના માંડવડે માન ભરી વંદના અર્પી અનુમોદનાની શ્રેણી એ ચડી ગુરૂભક્તોની હરખ ભરી સ્પંદના-વંદના કરવા તા.૩૦ નવેમ્બર શનિવારથી તા.૨ ડિસેમ્બર સોમવાર સુધી લીલ ગગન ઓસવાલ ભવન પાલીતાણા તીર્થે ત્રિાન્હિકા મહોત્સવનું આયોજન કરાયું છે.

શ્રમણી ગણ મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા.ની દીક્ષા શતાબ્દિ ત્રિાન્હિકા મહોત્સવના કાર્યક્રમની રૂપરેખામાં પ્રથમ દિવસ કારતક માસ અમાસ તા.૩૦ નવેમ્બર શનિવારે કુંભ સ્થાપના, જ્વારારોપણ, નવગ્રહ પાટલા પૂજન, દશદિકપાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, બપોરના મહાકાળી માતાજીની ભાવના.

દ્વિતીય દિવસ રવિવાર તા.૧ ડિસેમ્બર માગસર સુદ ૧ દિને સવારે ભક્તામર મહાપૂજન બપોરે ૨.૩૦ કલાકે ગુણાનુવાદ.

તૃતીય દિવસ સોમવાર, તા.૨ ડિસેમ્બર માગસર સુદ ૨ દિને શાંતિ સ્નાત્ર મહાપૂજન.

આ મહોત્સવ પ્રસંગે ગુરૂ ઋણ અદા કરવા શ્રી સંઘો, મહાજનો અને ગુરૂભક્તોને પધારવાનું હરખભેર આમંત્રણ છે.

સંપર્ક હીરાચંદભાઈ શાહ-૯૩૨૪૦૩૧૯૯૩, અમિતભાઈ શિયાલ-૯૧૩૭૯૭૨૧૨૫, ભૂમિ શિયાલ ૯૯૨૦૨૮૭૨૪૩

# આદિપુર સંઘમાં મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશ અવસરે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા શ્રી મહાકાળી માની ભાવના કરાઈ


તા.૧૭ જુલાઈ બુધવાર દિને પૂર્વ કચ્છ વિભાગના શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના પ્રવેશ પ્રસંગે શ્રી રત્ન દેવ આદિનાથ દાદાના દરબારે શ્રી અનંત મિત્ર મંડળ દ્વારા ભક્તિ ભાવના ભણાવાઈ હતી. બહોળી સંખ્યામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભાવ સાથે જોડાઈ ધર્મ લાભ સાથે ભક્તિ કરી હતી.



# ભાવભીની શ્રદ્ધાંજલિ




હેમલતાબેન દંડ
તા.૨૭ જુલાઈ (ઉ.૬૪)
સાંધવ



પુષ્પાબેન મુનવર
તા.૨૮ જુલાઈ (ઉ.૮૮)
જખૌ-માટુંગા



પ્રતાપભાઈ લોડાયા
તા.૨૯ જુલાઈ (ઉ.૭૧)
વારાપધ્ધર-હૈદ્રાબાદ



વેલબાઈ ધરમશી
તા.૩૦ જુલાઈ (ઉ.૯૩)
સુથરી-ભાટપારા



જસ્મીનાબેન મોમાયા
તા.૩૧ જુલાઈ (ઉ.૪૮)
મોટી સિંધોડી-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આધુનિકતામાં દુનિયા નાનકડી થઈ ગઈ છે. દેશનું વિદેશ સાથે અંતર ઘટ્યું છે. જેથી વિદેશો સાથે વ્યવહાર વધયા છે. કચ્છના લોકો વિશ્વના દરેક દેશોમાં વસ્યા હોવાથી સૌથી વધુ વિદેશ સાથે ઘરોબો ધરાવતા કચ્છ જિલ્લાને પાસપોર્ટ સમસ્યા કાયમી મુશ્કેલી રૂપ બની રહી છે. ભુજ કેન્દ્ર મારફત પાસપોર્ટ મેળવવો હોય તો બે મહિના જેટલો સમય નીકળી જાય છે. અહીંના લોકોને તાત્કાલિક કે એકાદ માસમાં પાસપોર્ટ જોઈતું હોય તો રાજકોટ કે અમદાવાદ સુધી લાંબા થવું પડે છે. વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટા કચ્છ જિલ્લામાં વાર્ષિક દસથી બાર હજાર લોકો પાસપોર્ટ મેળવવા અરજી કરે છે. થોડાક સમય પૂર્વે રોજની ૧૦૦ અરજી સ્વીકારી હતી જે હવે ઘટાડીને રોજની ૮૦ અરજી કરી દેવાઈ છે. ભુજ પાસપોર્ટ કેન્દ્રમાં સ્ટાફ અને કોમ્પ્યુટર સિસ્ટમ વધારાય તેવી માંગ છે.

● કચ્છમાં અબડાસામાં ધોરાડ પક્ષી અભયારણ્યમાં હવે માત્ર ચાર માદા હોવાથી ધોરાડની પ્રજાતિને લુપ્ત થતી અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યાં છે. રાજ્યના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન નિત્યાનંદ શ્રીવાસ્તવે આ બાબતની વિગતો આપતાં કહ્યું હતું કે રાજસ્થાન સરકારે આ માટે સંમતિ આપવા રાજસ્થાનમાંથી નવા નર માદા બચ્ચાં વસાવી ઉછેર કરવામાં આવશે. સમગ્ર દેશમાં ગુજરાતના કચ્છ, રાજસ્થાનના જેસલમેર અને મધ્યપ્રદેશમાં ધોરાડ વિચરે છે. કચ્છના નલિયા અને નારાયણ સરોવર સુધીના ધોરાડ અભયારણ્યમાં સંખ્યા વધારવા નર પક્ષીની તાતી આવશ્યકતા હોવાનું તેમણે કહ્યું હતું.

● ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા માંડવી બીચ ખાતે રેતશિલ્પ મહોત્સવનું આયોજન કરાયું હતું. કચ્છના જાણીતા રેતશિલ્પ કલાકાર અનિલભાઈ જોષી મુખ્ય કલાકાર તરીકે રહ્યાં હતા અને તેમની કચ્છના સ્થાનિક નવ જેટલા કલાકારો એ ભાગ લીધો હતો. નવ જેટલા આકર્ષક અને સુંદર રેત શિલ્પ બનાવ્યા હતા. કચ્છના જાણીતા ફોટોગ્રાફર ગૌરવ પુરસ્કૃત વસંત સંઘવીએ મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. કચ્છની લોક સંસ્કૃતિને લગતા શિલ્પો જેવા કે જેસલ જાડેજા, આઈ લવ કચ્છ, રણનું વાહન, કચ્છ સંસ્કૃતિ, પાળિયા દેવ, હાજી કાસમ અને વીજળી, ફલેમિંગો જેવા વિષયો પર સુંદર રેત શિલ્પો રજૂ કરાયા હતાં. સંયોજક તરીકે કચ્છના ગૌરવ પુરસ્કૃત કલાકાર નવીન સોનીએ ફરજ બજાવી હતી.

● રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી પ્રવૃત્તિને રોકવા જિલ્લા મેજિસ્ટ્રેટ અમીત અરોરાએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કચ્છના શેખરણ પીર, લુણાબેટ, ખદરાઈ પીર ટાપુ, સૈયદ સુલેમાન પીર ટાપુ, ચભડીયો ટાપુ, લુણ ટાપુ, ગોધરાઈ ટાપુ, મોટી પીર, હેમતલ, હાજી ઈબ્રાહીમ ખાનાણા બેટ, ગોપી બેટ, ભકલ બેટ, સાવલા પીર, સુગર બેટ, પીર સનાઈ, બોયા બેટ, સેથવારા બેટ, સત એડા ટાપુ સહિત કુલ્લ ૨૧ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

● અબડાસામાં છેલ્લા દોઢ દાયકાથી દૂધની ડેરી આવ્યા બાદ પશુ પાલકો આત્મનિર્ભર બન્યા છે. એક સમયે સૂકી ખેતી અને પશુ પાલન પર નિર્ભર અબડાસા તાલુકો આજે પિયત ખેતીમાં પ્રગતિ કરી એમ પશુપાલનમાં પણ અવ્વલ આવે છે. અબડાસામાં પણ હવે લગભગ દૂધ ડેરીએ પોતાના સબ સેન્ટર ચાલુ કરી દીધાં છે. સરહદ ડેરીના બે મુખ્ય શીતકેન્દ્ર કોઠારા અને વાગોઠમાં છે અને પાંચ નાના જેમાં નલિયા, રામપર અબડા, મોથાળા અને બાલાચોડનો સમાવેશ થાય છે. અબડાસામાં સહકારી સરહદ ડેરીના ૧૦૦ થી વધુ દૂધ એકત્રિત કરાય છે. માહી ડેરીના નલિયા અને કનક પરમાં સેન્ટર આવેલા છે.